# મુસા અને યહોશુઆ સમક્ષ આનંદ દાયક સત્યો ઈશ્વરે ખુલ્લા કર્યા.

**પ્રાર્થના :** સર્વ શકિતમાન,સદાકાલિન ઈશ્વર તમને ઓળખવા અને તમારી પવિત્રતા અને પ્રતિભાને વખાણવા બાળકોને મદદ કરો.

બાળકોની જરૂરિયાતને અનુરૂપ તેમને તૈયાર કરવા માટે તમારા સમય અને તેમની સમજણ શકિત પ્રમાણે **પ્રવૃતિઓ** પસંદ કરો.



**નિર્ગમન ૩: ૧-૧૫** માંથી બળતી ઝાડીમાંથી ઈશ્વર મુસા સાથે કેવી રીતે બોલ્યો તે એક મોટો બાળક અથવા શિક્ષક વાંચે ભકિતસભામાં તેમને સોંપેલા સવાલો બાળકો સંતાનોને પૂછે દરેક બાળકે તેમના સવાલના જવાબ જાણવા જોઈએ (સવાલ પછી) જવાબ દર્શાવ્યા છે.)

- ઝાડી વિષે વિચિત્ર શું હતું ? (તે બળતુ હતુ પણ રાખ થતું ન હતું.)
- ઝાડીમાંથી મુસાએ શું સાંભળ્યું ? (તેનું નામ પોકારાતું હતું)
- મુસાએ તેના નામથી કોણે બોલાવ્યો ? (ઈશ્વરે અબ્રાહમ,ઈસાહ અને યાકુબના ઈશ્વરે).
- મુસાએ તેના બુટ કેમ કાઢયા ? (તે પવિત્ર જગ્યા પર ઉભો હતો)
- ઈશ્વરે મુસાને શું કરવા કહ્યું ? (ફારૂન રાજા પાસે જા અને મિસરમાંથી ઈશ્વરના લોકોને છોડાવ)
- ઈશ્વરે તેનુ નામ શું કહ્યું ? (હું છું)



**યહોશુઆ ૩: ૧૪-૪:૭** માંથી યર્દન નદી પસાર કરવા વિષે **મોટો છોકરો કે શિક્ષક વાંચે** ઈશ્વરે લોકો માટે કેવી મહાન વાતો કરી છે તે વિષે પવિત્ર શાસ્ત્ર જણાવે છે.

વાર્તા કહ્યા બાદ આ સવાલો પૂછો (જવાબો દરેક સવાલ પછી આપ્યા છે)

- યર્દન નદી ઈસ્ત્રાએલીઓમાથી કોણ પ્રથમ ઉતર્યુ ?(યોહોશુઆ ૩:૧૪)
- ક્રોસ ઉંચકનારા યાજકોએનદીના પાણીમાં પગ મુકતા ત્યારે શું થયુ ? (૩:૧૫)
- નદીની મધ્યેથી બાર આગેવાનોએ શું લીધું ? (૪:૩)
- આ પથ્થરો લેવાનો શો અર્થ હતો ? (૪:૬)
- નદીમાંથી લીધેલા પથ્થરોને આગેવાનોએ કયા મૂકયા ? (૪:૮).

યર્દન નદી પાર કરવાની વાર્તાનું **નાટકમાં રૂપાતર કરો** બાળકો ભકિતસભામાં સભાસદો સમક્ષ આ નાટક ભજવવાની વ્યવસ્થા ગોઠવો મોટા બાળકો નાના બાળકોને નાટક તૈયાર કરવા મદદ કરો,

- **યહોશુઆ અને કથાકાર**નો પાત્રો **મોટા બાળકો** ભજવે
- **ઈસ્ત્રાએલી લોકો આગેવાનો અને યાજકના** જેઓ કરાર કોશને બદલે બીજુ કંઈક લઈ જતી હોય તેમ ડોળ કરનારના પાત્રો **નાના બાળકો** ભજવે.

**કથાકાર** : **યહોશુઆ ૩: ૧૪-૧૭** માંની વાર્તા કહે પછી બોલે યહોશુઆ શું કહે છે તે સાંભળો,

**યહોશુઆ** : આપણે યર્દન નદી પાર કરવા જઈએ છીએ તેમાં પૂર આવ્યુ છે પરતુ ઈશ્વરે આપણને કોરી ભૂમિ પરથીપાર કરાવશે તે શું કરે છે તે જુઓ યાજકો કરાર કોશને નદીમાં ઉંચકી નદીમાં ઉતરો

**યાજકો** : કરારકોશ ઊંચકી અધાર રસ્તે થોભવા એક બોલે છે જુઓ નદીનુ પાણી એર તરફ ઢગલો થાય છે અને તે આપણાથી બીજી બાજુ વહે છે..

**ઈસ્ત્રાએલ** : યાજકોની પેલી તરફ નદી ઓળગંવા જાય છે એક કહે છે જુઓ આપણા પગો કોરા છે અમે ભૂમિ ઉપર ચાલ્યા.

**કથાકાર** : **યહોશુઆ ૪: ૧-૭** નો બીજો ભાગ કહે પછી બોલે, યહોશુઆને સાંભળો

**યહોશુઆ** : (ઈસ્ત્રાએલીઓ ઉભા છે ત્યાં જાય છે) અને બોલે અમે નદી પાર કરી આ દિવસે ઈશ્વરે આપણા માટે શુ કર્યુ તે આપણા બાળકોને યાદ કરાવવા દરેક કુળનો આગેવાન નદીની મધ્યેથી એક પથ્થર લે,

**આગેવાન** : યાજકો ઊભા છે ત્યાં જાય. મોટો પથ્થર ઉંચકવાના ડોળ સાથે યહોશુઆ ઊભો છે ત્યાં જાય એક બોલે છે આ પથ્થર ભારે છે તે સારી યાદગીરી રખાવશે.

**યહોશુઆ** : આપણા બાળકો પૂછશે આ પથ્થરો નો શો અર્થ છે આપણે તેમને આ દિવસ વિષે કહીશું આપણે ઈશ્વરના મહાન કૃત્યો યાદ રાખીશું

**કથાકાર** : દરેક મદદકતાનો આભાર

સભ્યોને નાટક ભજવ્યા બાદ તેઓ સભ્યોને પણ સવાલો પૂછે.



નાના બાળકો પથ્થરો ના ઢગલાનુ **ચિત્ર દોરે** આગામી ભકિત સભા વખતે તેમના ચિત્રો સભ્યોને દેખાડે અને ગીતો વાર્તાઓ અને બીજી વાર્તાઓ અને બીજી રીતે ઈશ્વરે આપણા માટે જે કર્યુ તે યાદ રાખે.

બીજી કઈ રીતે પથ્થરોના ઢગલાને યાદગીરી તરીકે ઈશ્વરના કૃત્યો આપણે ખ્રિસ્તીઓ યાદ કરી શકે સભ્યો દાખલાઓની **ચર્ચા કરે.**

**કાવ્ય :** ગીતશાસ્ત્ર ૧૪૫ : ૪-૭ ચાર બાળકોમાંથી દરેક ભકિતસભા વખતે બીજા બાળકો અને સભ્યો સમક્ષ યાદ કરી કહે.

**નાના બાળકો** ફીલીપી ૪:૪ મુખપાઠ કરો.

**મોટા બાળકો** પુનર્નિયમ ૮:૩ મુખપાઠ કરો.

બાકીના બીજા બાળકો ઈશ્વરના મહાન કાર્યો જે આપણે યાદ રાખવા જોઈએ તે વિષે કાવ્યો અથવા ગીતો લખે.

**પ્રાર્થના :** વ્હાલા પિતા તમે અમારા માટે કેટલા બધા આશ્વર્યકારક કૃત્યો કર્યા છે તેમને યાદ રાખવા અને સહાય તમારી સ્તુતિ કરવા વ્યવહારૂ રીતે બતાવો

Copyright 2004© by Paul-Timothy. May be freely copied.
Download from www. Paul-Timonthy.net.